# ગાંધીનગર ખાતે પત્રકારત્વ વિષયમાં પીજી ડિપ્લોમા કરવાની સુવર્ણ તક

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરની પ્રતિષ્ઠિત યુનિવર્સિટી કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા પત્રકારત્વનો પીજી ડિપ્લોમા અભ્યાસક્રમ ચાલી રહ્યો છે, જેના માટે પ્રવેશ પ્રક્રિયાનો આરંભ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર ખાતે પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા ઈન જર્નાલિઝમ એન્ડ માસ કમ્યુનિકેશન છેલ્લાં સાત વર્ષથી સફળતાપૂર્વક ચાલી રહ્યો છે, જે અંતર્ગત તાલીમાર્થીઓને અગ્રણી પત્રકારો અને પત્રકારત્વ ક્ષેત્રના અનુભવી તજ્જ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવે છે. આ કોર્સ અંતર્ગત તાલીમાર્થીઓને તાલીમ આપવા માટે ગાંધીનગર, અમદાવાદ ઉપરાંત રાજ્યના ખ્યાતનામ મીડિયાકર્મીઓની પોતાની સેવાઓ આપી રહ્યા છે. જેના પરિણામે અહીંથી તાલીમ પામેલાં અનેક તાલીમાર્થીઓ અત્યારે મીડિયાના ક્ષેત્રમાં સફળતાપૂર્વક કાર્ય કરી રહ્યા છે ને સમાજને પોતાનું બહુમૂલ્ય યોગદાન આપી રહ્યા છે.

પત્રકારત્વના આ કોર્સમાં પત્રકારત્વના પાયાના સિદ્ધાંતો, લેખન કૌશલ ઉપરાંત પ્રવર્તમાન સમયમાં જરૂરી એવી ઍન્કરીંગ, વોઈસ ઓવર, વોઈસ મોડ્યુલેશન, ડબિંગ અને કેમેરા ફેસીંગની પ્રૅક્ટિકલ ટ્રેનીંગનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને જરૂરી એવું ફિલ્ડ વર્ક પણ કરાવવામાં આવે છે અને તેમને પત્રકારત્વનાં સઘળાં પાસાઓની થિયરીકલ તથા પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવે છે.

કોર્સની અભ્યાસસામગ્રી, વિશ્વવિદ્યાલયની અનુભવી અભ્યાસ પધ્ધતિ અને ઉજ્જવળ ખ્યાતિને કારણે કૅમ્પસમાંથી જ વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ મળી જાય એવી તકોનું નિર્માણ પણ અહીં શક્ય બને છે.

પત્રકારત્વના કોર્સનો સમયગાળો એક વર્ષનો છે અને સપ્તાહના છ દિવસ માટે સાંજે બે કલાક તાલીમાર્થીએ થિયરીકલ તાલીમ માટે આવવાનું હોય છે. આ ઉપરાંત ફિલ્ડ વર્ક અને સંસ્થા મુલાકાતો પણ યોજવામાં આવે છે.

કોઈ પણ વિષયમાં સ્નાતક એટલે કે ગ્રેજ્યુએશન પૂર્ણ કરનાર વિદ્યાર્થી આ કોર્સમાં પ્રવેશ પ્રાપ્ત કરી શકે છે. એલડીઆરપી કેમ્પસ, સૅક્ટર-૧૫ ખાતે આ કોર્સમાં પ્રવેશ માટે સંપર્ક કરવાનો રહેશે. આ અંગેની વધુ માહિતી અને ઍડમિશન માટે અભ્યાસ સંયોજક મિતેષ મોદી (૮૪૦૧૮ ૬૩૨૨૯)નો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

# એસબીઆઈ જ્ઞાનાર્જન દ્વારા રક્તદાન શિબિર

## બૅન્કના પદોન્નત અધિકારીઓએ ઉત્સાહથી રક્તદાન કર્યું



ગાંધીનગર, તા. ૨૪

સ્ટેટ બેન્ક જ્ઞાનર્જન અને વિકાસ સંસ્થા, (ટ્રેનિંગ સેન્ટર), ગાંધીનગર દ્વારા શુક્રવારે સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર બ્લડ બેન્કના સહયોગથી એક રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગરમીના દિવસોમાં લોહીની માંગનું પ્રમાણ ખૂબ ઊંચું હોય છે અને દર્દીની સારવાર માટે ઘણીવાર રકતની તાતી જરૂરિયાત ઊભી થતી હોય છે આ વાતનું ધ્યાન રાખીને બેન્ક દ્વારા એક ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો હતો. સ્ટેટ બેન્ક જ્ઞાનર્જન અને વિકાસ સંસ્થા દ્વારા વારંવાર આ પ્રકારના કાર્યક્રમ દ્વારા જનકલ્યાણના ઉમદા કામમાં અમુલ્ય ફાળો આપવામાં આવે છે.

આ શિબિરમાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના નવા પદોન્નત થયેલા અધિકારીઓએ ઉત્સાહ સાથે રક્તદાન કરીને સમાજમાં એક સુંદર ઉદાહરણ પૂરું પાડયું છે. સ્ટેટ બેન્ક જ્ઞાનર્જન અને વિકાસ સંસ્થા , ગાંધીનગરના ડિરેક્ટર વિનોદ અમલાણી તથા ફેકલ્ટી હિતેશ દવે, મનોજકુમાર, રીમા તિવારી, સ્કંદ કુમાર, વિનયકુમાર, સંજય વર્મા, સતિષ ઠક્કર, અમિત મહેરિયા, મહેશ રામી અને સિવિલ હોસ્પિટલ ગાંધીનગરની સમગ્ર ટીમે આ સફળ આયોજન માટે જહેમત ઉઠાવી હતી.

## ડાયરેક્ટ ❤ સે

તમારે મારાં
ખબર-અંતર જ પૂછવાં છે
તો મારી આંખોમાં જુઓ
જવાબ મળી જશે

## જન્મદિને વધામણી



**મોનિકા ઠક્કર**
પત્રકાર, ગાંધીનગર સમાચાર
મો. ૭૯૯૦૪ ૮૬૨૧૯



**રમેશભાઈ એસ. વાળંદ**
મો. ૭૫૬૭૦ ૭૮૨૮૨

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**
**- સંપાદક**

# ધો. ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓની વધારે ગ્રેસિંગ માર્ક્સની માગણી

ગાંધીનગર, તા. ૨૪

ધો.૧૨ સાયન્સનું પરિણામ જાહેર થયા બાદ આગામી દિવસોમાં મેડિકલ-પેરા મેડિકલની પ્રવેશ પ્રક્રિયા શરૂ થવાની છે. મેડિકલમાં પ્રવેશ માટે ધો.૧૨માં ૫૦ટકા માર્કસ ગ્રેસિંગ વગર હોય તે જરૂરી છે. હાલની સ્થિતિ એવી છે કે અનેક વિદ્યાર્થીઓને ગ્રેસિંગ સાથે આ વિષયોમાં પાસ થયા છે. હવે આ ગ્રેસિંગના માર્કસને ગણતરીમાં લેવામાં ન આવે તો આ વિદ્યાર્થીઓ પ્રવેશ માટે લાયક બની શકે તેમ નથી. બીજી બાજુ, અનેક વિદ્યાર્થીઓ હાલ પણ ગ્રેસિંગ આપવાની માગણી કરી રહ્યા છે. આમ, આ મુદ્દે હવે આગામી દિવસમાં નવો વિવાદ ઊભો થાય તેમ છે.

મેડિકલમાં પ્રવેશ માટે નીટના આધારે જ પ્રવેશ કાર્યવાહી થવાની છે પરંતુ નીટ આપવા અથવા તો પાસ થયા પછી પણ ધો.૧૨માં ૫૦ ટકા માર્કસ હોવા જરૂરી છે. ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને બાયોલોજી એમ, ત્રણ વિષયના પ્રેક્ટિકલ અને થિયરીના મળીને ૫૦ ટકા ગુણ થવા જરૂરી છે. મેડિકલ પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે જો વિદ્યાર્થીઓને આ પ્રમાણે ૫૦ ટકા ગુણ ન થાય તો તેમને મેડિકલમાં પ્રવેશ માટે લાયક ગણવામાં આવતાં નથી. બોર્ડ દ્વારા જે માર્કશીટ આપવામાં આવે છે તેમાં પણ ગ્રેસિંગના માર્કસની ગણતરી કરવામાં આવતી નથી. જેના કારણે ૫૦ ટકા ગ્રેસિંગ વગર થાય તે જરૂરી છે. મહત્વની વાત એ કે હાલમાં અનેક વિદ્યાર્થીઓ એવા છે કે જેઓ ગ્રેસિંગ સાથે જ પાસ થયા છે. આ વિદ્યાર્થીઓ મેડિકલમાં પ્રવેશ માટે લાયક બની શકે તેમ નથી. બોર્ડ દ્વારા ઉત્તરવહી ચકાસણીમાં અનેક વિદ્યાર્થીઓ પાસ થતા ન હોય તેવી સ્થિતિમાં ગ્રેસિંગ આપીને પાસ જાહેર કરવામાં આવ્યા છે. હવે આ પ્રમાણે ગ્રેસિંગ સાથે પાસ થયેલા વિદ્યાર્થીઓને મેડિકલમાં પ્રવેશ માટે લાયક ગણવા કે નહી તે મુદ્દે દ્વિધાભરી સ્થિતિ છે.

ગ્રેસિંગ સાથે પાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓને મેડિકલ માટે માન્ય ગણવામાં આવતાં નથી. બીજી બાજુ, હાલમાં કેટલાક વાલીઓ પોતાના સંતાનોને ગ્રેસિંગ આપવા માટેની સતત માગણી કરી રહ્યા છે.

# દિવથી અમદાવાદ વિમાની સેવા શરૂ

ગાંધીનગર, તા. ૨૪

દિવથી અમદાવાદ એરડેકનની વિમાની સેવા બુધવારથી પ્રારંભ થતા દિવની જનતામાં ખુશીનો માહોલ સર્જાયો. દિવથી અમદાવાદ જવા માટે માત્ર રૂ.૯૯૯માં જઈ શકાશે. જેની સામે ખાનગી બસનું ભાડુ ૪૦૦ છે આ વિમાની સેવા સોમ થી શનિ સુધી રહેશે. ૧૮ સીટરનું આ વિમાનમાં વ્યક્તિ દીઠ ૧૦કિ.ગ્રા. વજન લઈ જઈ શકાશે. દિવથી ૨:૩૦ કલાકે આ વિમાન અમદાવાદ માટે ઉપડશે અને એક કલાક દસ મીનીટ સમય બાદ અમદાવાદ પહોંચશે અને અમદાવાદથી ૧:૧૫ દિવ માટે વિમાન ઉપડશે અને દિવ ૨:૨૫ પહોંચશે.

દિવથી અમદાવાદ માર્ગે જવા ૫૦૦ કી.મી. અને દસથી બાર કલાક જેવો સમય થાય છે જે માત્ર એક કલાક અને દસ મીનીટમાં અમદાવાદ પહોંચશે. આ વિમાની સેવાનો ખાસ કરીને દિવના દર્દીઓ, વરિષ્ઠ નાગરીકો અને વેપારી વર્ગને ખુબજ ઉપયોગી રહેશે. આ વિમાની

### રવિવારે ગાંધીનગરમાં યોજાશે

# ઈન્ડિયન લાયન્સ અને લાયોનેસ હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ

ગાંધીનગર, તા. ૨૪

ઈન્ડિયન લાયન્સ-સ્વર્ણિમ, ગાંધીનગરના પ્રમુખ તરીકે રાધેશ્યામ યાદવ (રાધે કોર્પોરેશન) અને ઈન્ડિયન લાયોનેસ, ગાંધીનગરનાં પ્રમુખ તરીકે શિલ્પાબેન દેસાઈની ટીમ રવિવાર, તા. ૨૬ મેના રોજ સાંજે ૫.૦૦ કલાકે ગેઝીયા ઓડિટોરિયમ, જીઆઈડીસી, ઍસબીઆઈ પાસે, સૅક્ટર-૨૫, ગાંધીનગર ખાતે શપથ ગ્રહણ કરશે.

ગાંધીનગર ખાતે સેવા પરમો ધર્મ તથા જન-જનમાં રાષ્ટ્રવાદ તથા શિસ્ત, સમરસતા માટે રાષ્ટ્રીય ચેરમેન હિતેષભાઈ પંડ્યા (જનસંપર્ક અધિકારી, મુખ્યમંત્રી કાર્યાલય)ના માર્ગદર્શન તળે ગુજરાતમાં ૩૨ ઈન્ડિયન લાયન્સ તથા લાયોનેસ ક્લબ કાર્યરત છે. આ પૈકી ગાંધીનગર લાયન્સ તથા લાયોનેસ ટીમના વર્ષ ૨૦૧૯-૨૦ના હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ ગાંધીનગરમાં યોજાઈ રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે સંસ્થા દ્વારા વૃક્ષારોપણ, ઘર-ઘર ધ્વજ વંદન, રાષ્ટ્રવંદના, ભારતીય સંસ્કૃતિ મુજબ નવા વર્ષની ઉજવણી, બેટી બચાવો જેવી સેવાકીય અને રાષ્ટ્રભક્તિની પ્રવૃત્તિઓ વર્ષ દરમિયાન હાથ ધરવામાં આવે છે.

# રવિવારે ત્રિદલ સંસ્થાની માસિક બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય ઝંખતી સંસ્થા 'ત્રિદલ'ની મે માસની બેઠક તા. ૨૬ મે ને રવિવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે ૭૯૦, નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સૅક્ટર-૨૧ ખાતે મળશે.

આ અંગેની વિગતો આપતાં પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીએ જણાવ્યું છે કે બેઠકમાં સાહિત્ય સભાના સ્થાપક, પ્રમુખ સ્વ. બળવંતભાઈ પટેલના ચૂંટણી કાવ્યોનું પઠન થશે. સર્જકો પણચૂંટણી વિષયક રચનાઓ રજૂ કરશે. સૌ સર્જકો, ભાવકો તથા રસિક નગરજનોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા તેમણે આમંત્રણ પાઠવ્યું છે.

# રવિવારે ભવન્સ હૉલમાં 'પહેચાન' કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૪

ભારતીય વિદ્યા ભવન અને ઈન્ફોસીસ ફાઉન્ડેશન દ્વારા "આઉટરીચ કલ્ચરલ પોગ્રામ" શ્રેણી અંતર્ગત એક નવતર કાર્યક્રમનું આયોજન "પહેચાન" શીર્ષક સાથે કરવામાં આવ્યું છે. અમદાવાદના દિવ્યાંગ વિદ્યાર્થીઓ દ્વારા ચાલતું પહેચાન ગ્રુપ સતત દીવ્યંગોને આગળ લાવવા વિવિધ રીતે કાર્યશીલ છે. આ વખતે પહેચાન દ્વારા દિવ્યાંગો પોતાના દિવ્ય સુર રેલાવશે. ગત સપ્તાહે ભારતીય વિદ્યા ભવનના ગીતા હોલ ખાતે યોજાયેલ સિંગિંગ સ્પર્ધાના વિજેતાઓ આ કાર્યક્રમમાં સુર રેલાવશે, મુખ્યત્વે આ સ્પર્ધામાં કુલ ૪૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાંથી વિજતા વિદ્યાર્થી લાલજીભાઈ ચૌહાણ, સંકલ્પ શ્રીવાસ્તવ, પાર્થ શાહ, શિવાંગી શાસ્ત્રી, રાજચરણભાઈ, અશોકભાઈ ગોહેલ અને સાથે પહેચાન ગ્રુપમાંથી ચેતન જાનુ, દર્શન, ઈકબાલભાઈ, જયદેવ આ કાર્યક્રમમાં સુરોને વહેતા કરશે.

આ સમગ્ર કાર્યક્રમનું સંકલન ચિરાગ ડાભી દ્વારા કરવામાં આવેલ છે.

તારીખ ૨૬ મે, રવિવારના રોજ સાંજે ૮.૩૦ કલાકે ભવન્સ જે. એ. હોલમાં યોજવામાં આવેલ આ કાર્યક્રમ જાહેર જનતા માટે તદન નિઃશુલ્ક છે. રસ ધરાવતા સૌ ગીત - સંગીતરસિકોને આ કાર્યક્રમનો લાભ લેવા માટે આયોજક સંસ્થાઓ તરફથી ઈજન પાઠવવામાં આવ્યું છે.

# ગાંધીજીનો વિનોદ

॥ ૩૮મો મણકો ॥

**૯૮ - જોશીનું ભવિષ્ય**




એક વાર એક જોશીએ ગાંધીજી વિશે ભવિષ્ય ભાખ્યું કે તેઓ પૂરાં સો વરસ જીવશે. આ સાંભળી આસપાસનાઓને ઘણો જ આનંદ થયો. પછી કોઈકે પૂછ્યું, બાપુજી ! જોશીની ભવિષ્યવાણી વિશે આપને શું લાગે છે ?

ગાંધીજી : જોશીની ભવિષ્યવાણી સાચી પાડવા માટે પણ હવે મારે સો વરસ જીવવું પડશે.

આખી મંડળી હસી પડી.

૯૯ - પેટન્ટ રાઈટનો ભંગ

દિલ્હીનો ઉનાળો હતો અને બપોરનો સમય હતો. ગાંધીજી લીંબુનો રસ અને મધ નાખી ગરમ પાણી પી રહ્યા હતા. તે જ વેળા સરોજિની નાયડુ તેમને મળવા આવી પહોંચ્યાં. ગાંધીજીને લીંબુમધનું ગરમ શરબત પીતા જોઈને તે ઠપકાભરી આંખો બોલ્યાં, અરે આ શું ? આવી ગરમીમાં પણ લીંબુનું ગરમ શરબત પીવાનું હોય ? લાવો, તમારા માટે મધુર અને તાજગીભર્યું ઠંડું શરબત બનાવી દઉં.

'ના, ના. આની મજા તો માણો.' કહી ગાંધીજીએ તેમને ગરમ શરબત પીવા સમજાવ્યાં અને અંતે સરોજિનીદેવીએ ગરમ શરબત પીધું.

પછી ગાંધીજીએ પૂછ્યું, કેવું લાગ્યું ?

સરોજિનીદેવી જવાબ આપે તે પહેલાં જ ગાંધીજીએ ઉમેર્યું કે, ગમે તેમ પણ એ ખરાબ તો નથી જ, ખરું ને ?

હજી શરબતપુરાણ પર ગમ્મત ચાલતી હતી ત્યાં જવાહરલાલજીએ ઓરડામાં પ્રવેશ કર્યો. તરત જ સરોજિનીદેવીએ જવાહરલાલજી માટે પણ ગરમ શરબદ મંગાવ્યું. એ હુકમ સાંભળી ગાંધીજી બોલી ઊઠ્યા, અરે ! આ તો મારા પેટન્ટ રાઈટનો તમે ભંગ કર્યો છે. માટે રૉયલ્ટી આપો.

આખી મંડળી ખડખડાટ હસવા લાગી. એ હાસ્યના ખડખડાટમાં સરોજિનીદેવીએ કહ્યું કે, તમારા પેટન્ટની જાહેરાત કરનાર એજન્ટ તરીકે પહેલાં મારી ફી ચૂકવી દો. હિંદના ભાવિ વડાપ્રધાનનું ઉત્તેજન મેં તમારા પેટન્ટ માટે મેળવી આપ્યું છે. એ શું નાની વાત છે ?

રાષ્ટ્રને મૂંઝવતા અનેક મોટા પ્રશ્નો વચ્ચે પણ ગાંધીજીની વિનોદધારા આમ વહ્યા જ કરતી હતી.




'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

# એમ.ટી.એસ.ની પરીક્ષા વિષે માહિતી આપશો




નમસ્કાર. વાચકમિત્રો, આપનો સાથ અને સહકાર અમૂલ્ય છે. આપ લોકોના નિયમિતપણે આવતા ફીડબેક મારા આ કોલમ પ્રતિ ના લગાવ ને વધારે ને વધારે મજબૂત કરે છે. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે હવે આ કોલમ ના વાંચકો માત્ર ગાંધીનગર શહેર માં જ નહિ પણ ગાંધીનગરની આસપાસના વિસ્તારો માં પણ વધી રહ્યા છે. સરસ વાત તો એ છે કે કેટલાક લોગો આ કોલમ ઓન-લાઈન વાંચી રહ્યા છે અને પ્રશ્નો પૂછી જ્ઞાનવર્ધક વાતો માં સહભાગી થઈ રહ્યા છે. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિંમતનગર, મોડાસા, કડી, કાલોલ, ભિલોડા, માણસા, ચાંદખેડા, પાલનપુર, અંબાજી, વગેરે શહેરોથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ મને ખૂબ પ્રોત્સાહિત કરે છે. પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ હું કોશિશ કરતો રહીશ. જગ્યાની મર્યાદા હોવાથી બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો : facebook.com/questions.careercorner પર...

**૧. મેં ધોરણ ૧૦ સુધી જ અભ્યાસ કરેલ છે.મને એમ.ટી.એસ ની પરીક્ષા વિષે માહિતી આપશો.**

**- પ્રશાંત ખરાડી, ગાંધીનગર**



પ્રશાંત, એમ.ટી.એસ એટલે કે મલ્ટી ટાસ્કિંગ સ્ટાફ એ કેન્દ્ર સરકાર હેઠળ ની જગ્યાઓ છે જે એસ.એસ.સી એટ્લે કે સ્ટાફ સિલેકસન કમિશન દ્વારા યોજવામાં આવે છે.આ જગ્યાઓ માં મુખ્યત્વે કેન્દ્ર સરકાર ની કચેરીઓ માં પ્યૂન, ઓફિસબોય, હેલ્પર, માળી વગેરે જેવી જગ્યાઓ માં ભરતી થતી હોય છે. બહુ ઓછી સરકારી જગ્યાઓ ૧૦ પાસ ઉપર ભરવામાં આવે છે આ આમાં ની એક જગ્યા છે.આનું પગાર ધોરણ પણ ૧૮૦૦૦ થી ૨૨૦૦૦ હોય છે જે પ્રમાણ માં છે.આ પરીક્ષા મુખ્યત્વે બે સોપાન માં લેવામાં આવે છે.પ્રથમ સોપાન માં આપને વિકલ્પ આધારિત પ્રશ્નો સારા હોય છે.જે કુલ ૧૦૦ માર્કસ નું હોય છે અને ટાઈમ ૯૦ મિનિટ આપવામાં આવે છે.એમાં ઉત્તીર્ણ થતાં બીજું સોપાન લેખિત આધારીત પ્રશ્નો નું હોય છે જેમાં નિબંધ અને પત્રલેખન આધારિત હોય છે.જે ૧૦૦ માર્કસ નું અને ટાઈમ બે કલાક આપવામાં આવે છે.આ પરીક્ષા નો અભ્યાસક્રમ મુખ્યત્વે ગણિત, રીઝનિંગ, અંગ્રેજી અને જી.કે આધારિત હોય છે.અને આપને એ પણ જણાવી દઈએ કે કે તાજેતર માં જ આ જગ્યા ની ભરતી બહાર પડી છે જે આપ એસ.એસ.સી ની વેબ સાઈટ પર જોઈ શકો છો જેની ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૯ મે છે. તો આપ અત્યારથી જ આ પરીક્ષા માટે તૈયારી ચાલુ કરી શકો છો અને ધારી સફળતા મેળવી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે!

**૨. હું હાલમાં બી.એસ.સી નો અભ્યાસ કરું છું. મારે આર.આર.બી. ની પરીક્ષા આપવી છે. માહિતી આપશો.**

**- પ્રિયા મહેતા, હિંમતનગર**

પ્રિયા, આર.આર.બી. ની પરીક્ષા વિષે તમે જાણવા માંગો છો પરંતુ આર.આર.બી.ના બે અર્થ નીકળતા હોય છે. એક રેલ્વે રિક્રૂટમેંટ બોર્ડ અને બીજું રીજઓનલ રૂરલ બૅંક (ગ્રામીણ બૅંક). અમે તમને બંને વિષે થોડી માહિતી આપીશું. રેલ્વે માં જોબ માટે રેલ્વે રિક્રૂટમેંટ બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાને આર.આર.બી



આપવી પડે છે. તેમાં મુખ્યત્વે ચાર ગ્રુપ હોય છે – ગ્રુપ એ, ગ્રુપ બી, ગ્રુપ સી અને ગ્રુપ ડી. ગ્રુપ એ એટ્લે સીનિયર પોજિશન માટે હોય છે અને તેની પરીક્ષા યુ.પી.એસ.સી. દ્વારા લેવામાં આવે છે. ગ્રુપ બી માટે મોટાભાગે ગ્રુપ 'સી' માંથી પ્રમોશન મેળવેલા લોકોને સિલેક્ટ કરવામાં આવે છે. ગ્રુપ 'સી' અને 'ડી' ની પરીક્ષા ભારતમાં સ્થિત ૨૧ રેલ્વે રિક્રૂટમેંટ બોર્ડ લેતા હોય છે. રેલ્વેમાં ટેકિનકલ અને નોન-ટેક્નિકલ એવી બે પરીક્ષા લેવાતી હોય છે. સામાન્ય રીતે ગણિત, અંગ્રેજી, તાર્કિક (રીજનિંગ), જનરલ નોલેજ અને જનરલ સાઈન્સ પર પ્રશ્નો પૂછાતા હોય છે. ટેક્નિકલ પરીક્ષામાં ટેક્નિકલ વિષયોનો પણ સમાવેશ કરવામાં આવે છે. જોબ પ્રમાણે ઘણી વખત "ટાઈપિંગ ટેસ્ટ' વિગેરે પણ લેવામાં આવે છે. હવે વાત કરીયે રીજઓનલ રૂરલ બૅંક એટ્લે કે ગ્રામીણ બૅંક ની. આ પરીક્ષામાં બે પ્રકારની પોસ્ટ હોય છે – એક અસિસ્ટેંટ (ક્લાર્ક) તરીકે અને બીજી ઓફિસર તરીકે. આ પરીક્ષાથી તમે અલગ-અલગ રાજ્યોમાં સ્થિત ગ્રામીણ બૅન્કોમાં નોકરી મેળવી શકો છો. આ પરીક્ષામાં બે થી ત્રણ તબક્કા હોય છે – પ્રિલિમ, મેઈન અને ઈન્ટરવ્યૂ/સ્કીલ ટેસ્ટ. સામાન્ય રીતે આ પરીક્ષામાં પણ ગણિત, અંગ્રેજી, તાર્કિક (રીજનિંગ), જનરલ નોલેજ પર પ્રશ્નો પૂછાતા હોય છે. ઓફિસર અને અસિસ્ટેંટ , બંને પરીક્ષાઓમાં પ્રિલિમ પરીક્ષામાં અંગ્રેજી પૂછાતું નથી પણ મેઈન પરીક્ષામાં પૂછાતું હોય છે. ઓફિસરની પોસ્ટ માટે પ્રિલિમ અને મેઈન પરીક્ષા પાસ કર્યા પછી ઈન્ટરવ્યૂ આપવો પડતો હોય છે. વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે!

**૩. હું ૧૧ કોમર્સમાં અભ્યાસ કરું છું. હુ આઇ.આઇ.એમ.માં એડ્મીશન કઇ રીતે મેળવી શકું ?**

**- દિશા મકવાણા, કલોલ**

સૌપ્રથમ તો આપને અભિનંદન કે આપને અત્યારથીજ આપનો ધ્યેય ખ્યાલ છે અને આપ ધ્યેયને હાંસિલ કરવા પ્રયત્નશીલ છો. આપનો ધ્યેય ઘણો ઊંચો પણ



છે અને એ સારી વાત છે. હવે આપના સવાલની વાત કરીએ તો આપ આઈ.આઈ.એમ.માં એડ્મીશન લેવા માંગો છો તો આપ ૧૨મું ધોરણ પૂરું કરીને અથવા તો ગ્રેજ્યુએશન પૂરું કર્યા પછી આઈ.આઈ.એમ.માં એડમીશન મેળવી શકો છો. જો આપ ૧૨૨ પછી એમ. બી. એ. કરવું હોય તો આપ આઈ. આઈ. એમ. -આઈ. પી. એમ. એટલે કે ઈન્ટેગ્રેટેડ પ્રોગ્રામિંગ ઈન મેનેજમેંટ નામની પ્રવેશ પરીક્ષા આપી, આઈ. આઈ. એમ.માં એડમિશન મેળવી શકો છો. આપને જણાવી દઈએ કે ૧૨મા ધોરણ પછી આ પાંચ વર્ષનો કોર્ષ કરાવતી એક માત્ર આઈ.આઈ.એમ. છે અને તે ઈન્દોર સ્થિત છે. આ પરીક્ષામાં મુખ્યત્વે ગણિત અને અંગ્રેજી ના પ્રશ્નો પૂછાતા હોય છે. આઈ.પી.એમ.ની પરીક્ષા ઓનલાઈન હોય છે અને ઓનલાઈન પરીક્ષામાં ઉતીર્ણ થયા બાદ આપે નિબંધ લેખન અને ઈન્ટરવ્યૂ પાસ કરી સિલેક્ટ થવું પડે છે. બીજા વિકલ્પની વાત કરીએ તો આપ ગ્રેજ્યુએશન બાદ પણ આઈ.આઈ.એમ.માં એડ્મીશન મેળવી શકો છો. તેના માટે આપે સી.એ.ટી. (કેટ) નામક પરીક્ષા આપવાની હોય છે. આ પરીક્ષામાં મુખ્યત્વે ગણિત , તાર્કિક, અંગ્રેજીના વિષયોમાંથી પ્રશ્નો પૂછાતા હોય છે. સામાન્ય જ્ઞાન માટે આપ અત્યારથી જ અંગ્રેજી ન્યુઝ પેપર વાંચવાની શરૂઆત કરી શકો છો. ૧૨મા પછી આઈ.આઈ.એમ.માં જવાનો એક સારો વિકલ્પ આપની પાસે છે કારણકે ઘણા બધા વિદ્યાર્થીઓ પાસે આ વિશેની માહિતી ના હોઇ, આ પરીક્ષામાં સ્પર્ધા પ્રમાણમાં ઓછી હોય છે જેથી આપ થોડી વધુ મેહનત કરીને ઉત્તિર્ણ થઈ શકો છો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે!

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : questions.careercorner@gmail.com
વોટ્સએપ નંબર : 88492 21653
ફેસબુકઃ www.facebook.com/questions.careercorner